પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૧ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭, રવિવાર ; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### યુપીમાં બે લાખમાં ઘર

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઉત્તરપ્રદેશ સરકાર બે લાખ રૂપિયામાં બે રૂમનું મકાન આપશે. ઓછી આવક ધરાવતા પરિવારો માટે આ યોજનાનો યોગી સરકારે પ્રારંભ કર્યો છે.

### મુગલે આઝમ હવે રંગમંચ પર

બોલીવુડની સૌથી જાણીતી ફિલ્મ મુગલેઆઝમને હવે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડીયમના મંચ પર દર્શાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. જાણીતા રંગમંચ નિર્દેશક ફિરોજ અબ્બાસ ખાન આ નાટકનુ નિર્દેશન કરી રહ્યા છે.

### બાબાની ગુફામાંથી મળ્યા ૩ હજાર જોડી કપડાં

ગુરમીત રામરહીમને સજા થયા બાદ ડેરાના મુખ્યાલયમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તપાસ દરમ્યાન બાબાની ગુફામાંથી ૩ હજાર જોડી મોંઘા ડીઝાઈનર કપડાં અને ૧૫૦૦ જોડી જૂતાં મળી આવ્યા છે.


### પંચકુલામાં હિંસા પ્રકરણે ૩ ઝડપાયા

ડેરા સચ્ચા સૌદાના વડા રામ રહીમને સજા કરવામાં આવ્યા બાદ ભડકેલી હિંસાના સંબંધમાં પંચકુલા એસપી મુકેશ મલહોત્રાના નેતૃત્વમાં બનાવવામાં આવેલી એસઆઈટીને મોટી સફળતા હાથ લાગી છે. પોલીસે ત્રણ સમર્થકોની ધરપકડ કરી છે. આ ત્રણેય પર પાંચ કરોડ રૂપિયા ખર્ચ કરીને હિંસા ભડકાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# ફ્લોરિડામાં ઈરમા વાવાઝોડાનો ખતરો

**ઈમરજન્સી જાહેર થઈ : કેરેબિયન દ્વિપમાં ભારે નુકશાન થયા બાદ દહેશત : ૬૦ લાખ લોકોને ખસી જવા આદેશ**

**આજે સવારે ૨૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન સાથે વાવાઝોડુ ફુકાશે : મિયામી, જ્યોર્જિયા, ફ્લોરિડામાં ખતરો**



ફ્લોરિડા,તા. ૯

વિનાશકારી ઈરમા વાવાઝોડાએ ઉત્તરીય ક્યુબામાં ભારે નુકસાન કર્યા બાદ હવે અમેરિકામાં તેનો ખતરો તોળાઈ રહ્યો છે. અમેરિકામાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ઈરમા વાવાઝોડાના કારણે ક્યુબામાં ભારે વરસાદ થયો છે. અહીં તોફાની પવન સાથે વાવાઝોડુ ફુંકાયુ છે. હવે ફ્લોરિડા અને અમેરિકાના અન્ય શહેરો તરફ વાવાઝોડુ વધી રહ્યુ હોવાના હેવાલ મળ્યા છે. ફ્લોરિડામાં ભારે વરસાદ, તોફાની પવનના કારણે ફ્લોરિડામાં ભારે નુકસાન ઈરમાના કારણે થઈ શકે છે. વિનાશકારી વાવાઝોડાના સંબંધમાં ફ્લોરિડાના સત્તાવાળાઓ ઘેર ઘેર જઈને માહિતી આપી રહ્યા છે. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. શક્તિશાળી કેટેગરીના વાવાઝોડાને કેટેગરી પાંચના સ્ટોર્મમાં મુકી દેવાતા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

ઈરમાને કારણે અમેરિકાના પૂર્વ કાંઠે આવેલું ફ્લોરિડા રાજ્યમાં ઈમરજન્સી ઘોષિત કરવામાં આવી છે. અહીં અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું સ્થળાંતર ચાલી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડેરામાં ફટાકડા ફેક્ટરી ઉપરાંત વિસ્ફોટકો પણ મળી આવ્યા

**બાબાની ખાસ ગુફા ખાતે આઇઆઇટી રોરકીના ફોરેન્સિક નિષ્ણાંતોની ટીમ દ્વારા ઉંડી તપાસ : અનેક જગ્યાએ ખોદકામ : હજારો અધિકારી ઓપરેશનમાં**



સિરસા, તા. ૯

રેપના મામલામાં જેલની હવા ખાઈ રહેલા વિવાદાસ્પદ ગુરમીત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના હેડક્વાટર્સમાં વ્યાપક સર્ચ ઓપરેશન આજે બીજા દિવસે પણ યથાવતરીતે જારી રહ્યુ હતુ. જેના કારણે બાબાના સમર્થકોમાં ઉત્તેજના જોવા મળી હતી. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશ બાદ શુક્રવારના દિવસે શરૂ થયેલા વ્યાપક ઓપરેશન આજે બીજા દિવસે જારી રહેતા તપાસનો દોર રહ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનો, અર્ધલશ્કરી દળના જવાનો અને નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા હતા. ડેરામાં એક ગેરકાયદે ફટાકડા ફેક્ટરી મળી આવ્યા બાદ તેને સીલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં ફટાકડા ઉપરાંત વિસ્ફોટક સામગ્રી કબજે કરવામાં આવી છે. જે વિસ્તારમાં ગુરમીત રામ રહીમ ધ્યાનમાં રહેતો હતો તે વિસ્તારમાં ખોદકામ શરૂ કરવામાં આવ્યુ છે. સવારમાં સિરસાના સુચના વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર સતીશ મહેરાએ કહ્યુ છે કે ડેરામાં રહેલી ફેક્ટરીને સીલ કરી દેવામાં આવી છે. કેટલાક હથિયારો માટ ડિઝાઈન પણ તૈયાર કરાતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સતત બીજા દિવસે મોટા પાયે ઓપરેશન હાથ ધરતા પહેલા સવારે સિરસામાં ટોપ અદિકારીઓની બેઠક થઈ હતી. જેમાં રણનિતી પર વિચારણા કરવામાં આવી હતી. આજે સવારે સવારે સવા નવ વાગે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

# અંકુશ રેખા પર પાકિસ્તાનનો ફરી ગોળીબાર

**સોપોરે ખાતે સુરક્ષા દળ સાથેની અથડામણમાં ખતરનાક ત્રાસવાદી ઠાર : વિસ્ફોટકો-હથિયારોનો જંગી જથ્થો જપ્ત**

શ્રીનગર,તા. ૯

જમ્મુકાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોરે ખાતે સુરક્ષા દળો સાથેની ભીષણ અથડામણમાં આજે એક ખતરનાક ત્રાસવાદી ઠાર થયો હતો. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. બીજી બાજુ કેન્દ્રિય ગૃહ પ્રધાન જમ્મુ કાશ્મીરની ચાર દિવસની યાત્રાએ પહોંચ્યા છે ત્યારે પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરીને અંકુશ રેખા પર ફરી ગોળીબાર કર્યો છે. બારામુલ્લા અને પુછમાં પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. જો કે ભારતીય જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. સામે સામે ગોળીબારની રમઝટ વચ્ચે કોઈને કોઈ નુકસાન થયુ નથી. પાકિસ્તાની સેનાએ અંકુશ રેખા નજીક નાના હથિયારો, ઓટોમેટિક્સ હથિયારો અને મોર્ટારનો મારો ચલાવ્યો હતો. એક ત્રાસવાદી છુપાયો છે તેવી પાકી બાતમી મળ્યા બાદ રાષ્ટ્રીય રાઈફલ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિત સુરક્ષા દળોએ મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સોપોરે શહેરના પરાવિસ્તારમાં રેબાન ગામમાં ઓ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. અહેવાલ નમુજબ માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. કલાકો સુધી અથડામણ થયા બાદ એક ત્રાસવાદી ઠાર થયો હતો. તેની પાસેથી મોતનો મસાલો કબજે

● અનુસંધાન પાન-૭ પર

# ૩૦ વસ્તુઓ માટે જીએસટીમાં ઘટાડો કરાયો

નવી દિલ્હી, તા.૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સરકારે આજે ૩૦ વસ્તુઓ માટેના જીએસટી રેટમાં ફેરફાર કર્યા હતા. આ ઉપરાંત જીએસટીઆર દાખલ કરવા માટેની સમયમર્યાદાને વધારીને ઓક્ટોબર સુધી કરવાનો નિર્ણય કર્યો હતો. નાણામંત્રી અરૂણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સીલની મહત્વની બેઠક આજે હૈદરાબાદમાં યોજાઈ હતી. જેટલીએ જાહેરાત કરી હતી કે, નાની કાર માટે ટેક્સમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેટલીએ કહ્યું હતું કે, આ દિવાળી પર કારની ખરીદી કરવા ઈચ્છુક

● અનુસંધાન પાન-૭ પર

**-:શોરૂમ વેચવાનો છે:-**

ગાંધીનગર માં, સેકટર-11 ના કોમર્શિયલ વિસ્તાર માં, પ્રથમ માળ, 1250 સ્કે.ફીટ કાર્પેટ એરિયા, ફ્રન્ટ ફેસિંગ, સારા કોમ્પલેક્ષ માં, ફર્નિચર-ફિક્ષચર-લાઈટ-એ.સી. સાથે, શોરૂમ / રેસ્ટોરન્ટ / ડોક્ટર-ક્લિનિક / કલાસીસ / ઓફીસ ને લાયક. સંપર્ક :- સવારે 11 થી સાંજનાં 6 સુધી, M : 81560 08704

**FACTORY ON RENT**

IN GIDC - ELECTRONICS ZONE - SECTOR.26 - GNADHINAGAR, WELL PLANNED UNIT, CORNER PLOT, PLOT : 880 SQ.MTR. & BUILD-UP : 500 SQ.MTR., WITH RECEPTION-OFFICE-PRODUCTION AREA-STORE, CONTACT : B/W 11 AM -TO- 6 PM, M : 098242 03342.

નવા નિયમો અમલમાં આવે તે પહેલા ફાઈલ કરવા સંપર્ક કરો.
અમેરિકાનું ગ્રીનકાર્ડ ઝડપથી મેળવી, સીટીઝન થવું ખુબ જ સહેલું અને તે પણ પુરા ફેમિલી માટે.!!
MCFI USA
INVEST 5 Lacs $ (Approx. ₹ 3.25 crore) in USA & avail GREEN CARD for FAMILY
info@mcfiusa.com
www.mcfiusa.com
99099 91381 • 98242 99776

SaaJ
Designer Boutique Infocity Presents
THE CHANIYA CHOLI FESTIVAL
9 Sep-17Sep
9 Days, 9 Designers!!
Never Before Collection Of Chaniya Cholis, Handmade jewellery and much more!!
Saaj Designer Studio
142, Infocity SuperMall 2,Across Café Coffee Day,Above Archies,
9913903284

AT FURNITURE HOME (MOTERA)
EXCLUSIVE FURNITURE RANGE
5 Years Warranty • Saag Wooden
All Credit Card Accepted
0% Interest
10% Discount Bajaj EMI Card
* Conditions apply
BAJAJ FINANCE AVAILABLE
FACTORY OUTLET BRAHMANi®
ISO 9001:2015 Since : 1980 Sunday open
AT FURNITURE HOME
F-23/35 Srusti Arcade, Motera Gandhinagar Cross Road, Nr. S Mall, Motera, Ahmedabad M: 9426049596, 9904721821
MANOJ FURNITURE
S/1, Sachin Tower, Nr. Dhananjay Tower, 100 ft. Road,Satellite, Ahmedabad. M: 9227250337, 9924481238

RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

LCD TV રીપેરીંગ
પેનાસોનીક, સેમસંગ, સોની, LG, કંપનીના ટીવી રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

Classic collection of selected Kutchi & Designer traditional wear
Available for sale & rent
Surmadhur presents . . . .
Designer : Arpita
માઁ
One stop destination for Authentic Navratri Clothing & Accessories
Starts from 10th sept, 2017
Time : 09:00 am to 09:00 pm
Venue : Veena Mayank Dave Plot no. 187/2, Sector - 4 A, Gandhinagar
Contact : 9574088722, 7698734543